ડર

(A-4) No. of printed page:1

# SARDAR PATEL UNIVERSITY
## FY BA (External) Examination
**Monday, 2 March 2015**
**10.30 am - 1.30 pm**

GUJ 100 - Gujarati Compulsory

'પૂર્વાલાપ' અને 'પાદરના તીરથ' **Total Marks: 100**

સુચનાઃ જમણી બાજુ દર્શાવેલ આંકડા ગુણ દર્શાવે છે.

પ્ર.૧ નીચેનામાંથી ગમે તે એક વિશે નિબંધ લખો. (૨૦)

(૧) વસંતનો પ્રકૃતિવૈભવ (૩) મારી પ્રિય સાહિત્યકૃતિ

(૨) વર્તમાન પરીક્ષા પધ્ધતિ (૪) એક શિક્ષિત બેકારની આપવીતી

પ્ર.૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૨૦)

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે. એટલું નહીં ઉપાધિ પણ મેળવે છે. છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે. પણ તીર્થનું સાચુ ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહીં, મેળવવાની વસ્તુ લે નહી તેઓની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાઇ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે. પામવાને નહિ. તેઓ અમુક બાહ્ય અથવા અમુક માટીમાં કોઇ વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. આથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં ઢાંકી તેનો નાશ કરે છે. આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશકિતમાં જેમ જેમ મલિન થતી ગઇ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઇ એ વાત કબૂલ કરવી જ પડશે.

-રવીન્દ્રનાથ ટાગોર

**અથવા**

પ્ર.૨ ઉપરનો ગદ્યખંડ વાંચી નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપો. (૨૦)

(૧) વિદ્યા મેળવવાનો આધાર કોના પર હોય છે?

(૨) તીર્થમાં જનાર બધા કેમ સાચુ ફળ મેળવી શકતા નથી ?

(૩) સાચા અર્થમાં વિદ્યા પ્રાપ્ત ન કરનારા માટે ટાગોરે શું કહ્યું છે.?

(૪) આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશકિત કેવી થતી ગઇ ? તેનું શું પરિણામ આવ્યું ?

(૫) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્ર-૩ નવલકથાના ઘટક્તત્ત્વો આધારે 'પાદરનાં તીરથ'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. (૨૦)

**અથવા**

પ્ર-૩ નીચેના વિશે નોંધ લખો. (બન્ને) (૨૦)

(૧) 'પાદરનાં તીરથ' નો આરંભ અને અંત

(૨) 'પાદરનાં તીરથ'માં આલેખાયેલ પોલીસદમનનાં દૃષ્યો

પ્ર-૪ કવિ કાન્તના 'પૂર્વાલાપ'નાં અભ્યાસનિયત પ્રણયકાવ્યોની ચર્ચા કરો. (૨૦)

**અથવા**

પ્ર-૪ નીચેના કાવ્યોનું રસદર્શન કરો. (૨૦)

(૧) 'હિંદમાતાને સંબોધન' (૨) 'અતિજ્ઞાન'

પ્ર-૫ અભ્યાસનિયત પાઠ્યપુસ્તક રહી ન જાય એ રીતે નીચેનામાંથી **કોઇપણ ચાર** પ્રશ્નોના ટૂંકા મુદ્દાસર જવાબ આપો. (૨૦)

(૧) રંજાડા ગામમાં પોલીસ અમલદારો કેવા કેવા અત્યાચારો ગુજારે છે ?

(૨) પશી મા દીકરા માટે ફોજદારોને શું કહે છે? શા માટે?

(૩) ડૉ. નગીનદાસની માણસાઇનો ટૂંકમાં પરિચય કરાવો.

(૪) માસ્તર ધીમે પગલે બંગલી તરફ વળે છે ત્યારે શું ઘટેલું જુવે છે?

(૫) 'સાગર અને શશી' કાવ્યનો ધ્વનિ જણાવો.

(૬) 'મહેમાનોને સંબોધન' કાવ્યમાં કવિ મહેમાનોને શી વિનંતી કરે છે?

(૭) 'ઉપહાર' કાવ્યમાં કોને કયો ઉપહાર અપાયો છે?

(૮) વસંત વિજય માં પાંડુરાજાની વૃતિઓને કોણ કોણ ઉત્તેજિત કરે છે?

* * *